| GJJN070004192023 | | રજુ તારીખ : | 29 | 01 | 2023 |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ : | 29 | 01 | 2023 |
| | | ફેસલ તારીખ : | 24 | 06 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 03 | 04 | 26 |
| | सत्यमेव जयते | આંક : | | | |

## જુનાગઢના ત્રીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ.
## જુનાગઢ કેમ્પ એટ માંગરોળ.

**ફોજદારી કેસ નં. ૩૮૩/૨૦૨૩**

**આંક–**

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** :– ભાવેશ કારાભાઈ ચુડાસમા,
ઉ.વ. ૩૨, ધંધો : મજૂરી,
રહે. શેરીયાજ ગામ પટ્ટી વાડી વિસ્તાર,
તા.માંગરોળ, જિ.જૂનાગઢ

ગુન્હો : **ધી ગુજરાત પ્રોહી. એકટ કલમ – ૬૫(એ)(એ) મુજબ.**

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળી
આરોપી તરફે વિ.વ. શ્રી કે.જે.પરમાર

## ચૂ કા દો

૧. આ કામના ફરિયાદી ચંદ્રસિંહ કાળુભાઈ સીસોદીયા, પો.કોન્સ., માંગરોળ મરીન પોલીસ સ્ટેશન નાઓએ એવી ફરિયાદ નોંધાવેલ કે, આરોપીએ તા.૧૭/૧૨/૨૦૨૨ કલાક–૧૭/૦૦ વાગ્યે શેરીયાજ ગામ પટ્ટી વાડી વિસ્તાર આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાના રહેણાક મકાનના ખુણા પાસે દેશી

પીવાનો દારૂ ભરેલ નાની નાની કોથળીઓ કુલ–૩૦ દારૂ આશરે લીટર–૦૫, કિ.રૂા.૧૦૦/– નો ગે.કા. પ્રોહી. મુદ્દામાલ રાખી રેઈડ દરમિયાન ઘરે હાજર નહીં મળી આવી આરોપીએ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કર્યો હોય ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા માંગરોળ મરીન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૦૫૨૨૦૩૩૩/૨૦૨૨ થી આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુનો નોંધી ધોરણસર તપાસ હાથ ધરેલ હતી. જે તપાસના અંતે અદાલતમાં હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હાનું તહોમતનામું આંક–૦૫ થી ફરમાવવામાં આવતા આંક–૦૬ ની પ્લીમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગણી કરેલ હતી.

૩. સદરહું કેસના સમર્થન માટે ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવો** :–

| ક્રમ | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ નીશારભાઈ અબ્દુલભાઈ કુરેશીની જુબાની | ૧૦ |
| ૨ | પંચનામું | ૧૧ |
| ૩ | પંચસાહેદ અફઝલભાઈ રજાકભાઈ કુરેશીની જુબાની | ૧૨ |
| ૪ | ત.ક.અ.શ્રી બળવંતસિંહ નાથાભાઈ પરમારની જુબાની | ૨૬ |
| ૫ | ફરિયાદ | ૨૭ |

૪. ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી વિશેષમા તેઓ તદ્દન નિર્દોષ હોય તેઓની સામે ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

૫. ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વકીલશ્રીની દલીલો સાંભળેલ. ત્યાર બાદ કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ છે.

૬. ઉપરોકત હકીકતે સદરહું કામના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

૧. શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૭/૧૨/૨૦૨૨ કલાક–૧૭/૦૦ વાગ્યે શેરીયાજ ગામ પટ્ટી વાડી વિસ્તાર આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાના રહેણાક મકાનના ખુણા પાસે દેશી પીવાનો દારૂ ભરેલ નાની નાની કોથળીઓ કુલ–૩૦ દારૂ આશરે લીટર–૦૫, કિ.રૂા.૧૦૦/– નો ગે.કા. પ્રોહી. મુદ્દામાલ રાખી રેઈડ દરમિયાન ઘરે હાજર નહીં મળી આવી આરોપીએ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

<u>મુદ્દા નં. ૧ અને ૨</u> :-

મુદ્દા નં. ૧ અને ૨ સંયુકત રીતે સંકળાયેલ હોય તેની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

૮.૧ આ કામે આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. જે જવાબદારીના વહન માટે ફરિયાદ પક્ષ તરફથી સૌપ્રથમ ફરિયાદપક્ષે આ કામના પંચસાહેદ નીશારભાઈ અબ્દુલભાઈ કુરેશી તેમની આંક-૧૦ તથા પંચસાહેદ અફઝલભાઈ રજાકભાઈ કુરેશી તેમની આંક-૧૨ ની જુબાનીમાં આંક-૧૧ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામા ની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

૮.૨ ફરિયાદપક્ષે આ કામના ત.ક.અ.શ્રી બળવંતસિંહ નાથાભાઈ પરમાર તેઓની આંક-૨૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ગઈ તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ તેઓ માંગરોળ મરીન પો.સ્ટે.માં પો.હે.કો. તરીકે તેમની ફરજ પર હતા ત્યારે તેઓના સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય દરમિયાન માંગરોળ શેરીયાજ ગામ પટ્ટી વિસ્તારમાં આવતા બાતમી રાહે હકીકત મળેલ કે, અહીં રહેતા ભાવેશ કાળા ચુડાસમા પોતાના ઘરે દેશી પીવાના દારૂનું વેંચાણ કરે છે અને હાલ આ પ્રવૃતી કરતા હોય તરત બે રાહદારી પંચ બોલાવી હકીકત વાળી જગ્યાએ રેઈડ કરતા કોઈ હાજર મળી આવેલ નહીં અને આ જગ્યાની માલીકીની ખરાઈ કરતા આ જગ્યા પર જડતી કરતા પ્લાસ્ટીકની નાની નાની કોથળીઓ નંગ-૩૦ ભરેલ હોય જેમાનું પ્રવાહી પંચો રુબરુ સુંઘી સુંઘાળી ખાતરી કરતા દેશી પીવાના દારૂની વાસ આવતી હોય તેમાથી થોડો દારૂ એક કાચની બોટલમાં કેમીકલ સેમ્પલ અર્થે કબજે કરી કિ.રૂ.૦૦ ગણી બાકીનો દારૂ લી.-૫ જેની કિ.રૂ.૧૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલ. આ અંગે તેઓની સાથેના પો.કો. ચંદસિંહ

કાળુભાઈ સીસોદીયાએ તેઓની રુબરુ સરકાર તરફે પ્રોહી. કલમ–૬૫ એએ મુજબ ફરિયાદ આપેલી જેમાં તેઓની સહી ઓળખી બતાવી આ કામે આંક–૨૭ થી રજુ રાખેલ છે. ત્યારબાદ પી.એસ.ઓ. તરફથી માંગરોળ મરીન પો.સ્ટે. ગુ.ર.નં .૦૩૩૩/૨૦૨૨ પ્રોહી. કલમ–૬૫ એએ ના ગુનાની તપાસ સોંપવામાં આવેલ. તપાસના કામે પ્રોહી. મુદ્દામાલ એફ.એસ.એલ.મા મોકલેલ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ આરોપીને જોયે ઓળખી શકે.

સદર ત.ક.અ.શ્રી બચાવ પક્ષની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ વાળી જગ્યા રહેણાંક વિસ્તાર છે અને ત્યાં માણસો તથા વાહનોની અવર જવર ચાલુ રહે છે. બનાવ સમયે ફરિયાદી જે વાહનમાં ગયેલ તેનો નંબર કે પ્રકાર ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ નહિ. પંચને કોણ બોલાવવા ગયેલ તેવી હકીકત ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ નથી. આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી.

૯. આ કામે રજુ થયેલ પુરાવાનું તુલનાત્મક મૂલ્યાંકન કરતા આ કામના તપાસ કરનાર અમલદાર કે જે પોલીસ વિભાગના અધિકારી/કર્મચારી છે અને તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૫ થી ૨૭ ની જોગવાઈઓ ધ્યાન લેતાં તે મુજબની આરોપી અગર અન્ય સાહેદોની કબુલાત સ્વરૂપની હકીકત પુરાવામાં ગ્રાહય રાખી શકાય તેમ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરિયાદ પક્ષના સાહેદના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન હોવું આવશ્યક છે. આ કામે પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નહિ હોવાનું પ્રથમ દર્શનીય છે. આ કામના ત.ક.અ. પોલીસ વિભાગના સાહેદ હોય અને તેઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થનના અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. આમ આરોપીનું કોન્શીયશ

પઝેશન પુરવાર થતુ નથી. હાલનો મુદ્દામાલ પ્રોહિ. નો જથ્થો મળી આવેલ હોવાની હકીકત શંકાથી પર રહી પુરવાર થતી નથી તેથી હાલના આરોપીના જ પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાંથી આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પ્રોહિ.નો જથ્થો મળી આવેલ હોવાની હકિકત શંકાથી પર રહી સ્પષ્ટપણે પુરવાર થતી નથી. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદાઓ અનુસાર આરોપીનો અનન્ય અને સભાનપણાનો કબજો Exclusive & Conscious Possession પુરવાર થતુ નથી. દેશી દારૂના કીસ્સામાં કથીત મુદ્દામાલ દારૂ જ હતો કે કેમ તે પણ ની:શક પણે ફરિયાદ પક્ષે પુરવાર કરવુ પડે. વળી આ કામે કથીત મુદ્દામાલ દારૂ જ હતો તે બાબતનુ એફ.એસ.એલ.નું સર્ટીફીકેટ પણ રજુ થયેલ નથી. તેમજ મુદ્દામાલ દેશી દારૂ આરોપીના અનન્ય અને સભાનપણાના કબજામાંથી મળી આવેલ હોવાનું સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થન વિના નિ:શંકપણે પુરવાર થતુ નથી આથી ઉપરોકત ચર્ચા અનુસાર આરોપી શંકાનો લાભ લેવા હકકદાર જણાય છે.

૧૦. વધુમાં આ કામે **નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ પટેલ જી.એચ.જે. ૨૦૧૧ ભાગ ૨૬ પાના નં.૧** નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં ઠરાવેલ છે કે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી અને નામદાર હાઈકોર્ટે નિર્દોષ ઠરાવીને છોડી મુકતાં ચુકાદાને યર્થાથ ઠેરવેલ છે. હાલના કેસમાં પંચો વિમુખ છે. ખુદ ફરિયાદ પક્ષ તે નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી કે કથીત મુદ્દામાલ આરોપીના સભાનપણાનાં કબજા Exclusive & Conscious Possession માંથી કબજે લેવાયેલ છે. આથી આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનું જણાય છે. આમ, આ કામના આરોપી વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે દેશી દારૂ પોતાના કબજામાં રાખી હેરાફેરી કરતા પકડાઈ જઈ મળી આવેલ હોય તેવી હકીકતને કોઈ બીજા સ્વતંત્ર સાહેદોની

જુબાનીથી સમર્થન મળતું નથી અને શંકા ઉભી થાય છે. આમ, હાલના આરોપી ફરિયાદ પક્ષના કથનો મુજબ આરોપીએ પોતાના કબજા ભોગવટાના રહેણાક મકાનના ખુણા પાસે દેશી પીવાનો દારૂ ભરેલ નાની નાની કોથળીઓ કુલ–૩૦ દારૂ આશરે લીટર–૦૫, કિ.રૂા.૧૦૦/– નો ગે.કા. પ્રોહી. મુદ્દામાલ રાખી રેઈડ દરમિયાન ઘરે હાજર નહીં મળી આવેલ હોય તેવી હકીકત ફરિયાદ પક્ષે નિ:શંકાપણે સાબ્તિ થયાનું કહી શકાય તેમ નથી જેથી આ સંજોગોમાં **મુદ્દા નં. ૧** નો નિર્ણય **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આ ખ રી હુ ક મ</u> ::–

૧. આ કામના ભાવેશ કારાભાઈ ચુડાસમા, ઉ.વ. ૩૨, ધંધો : મજૂરી, રહે. શેરીયાજ ગામ પટ્ટી વાડી વિસ્તાર, તા.માંગરોળ, જિ.જૂનાગઢનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ જામીન આપેલ હોય તો તે હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ.
તારીખ : ૨૪/૦૬/૨૦૨૬.

**(એફ.એફ.બારડોલીવાલા)**
ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
જૂનાગઢ કેમ્પ એટ માંગરોળ.
**(GJ-01286)**